B

A

O

U

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોર્તિમય" પરિસર,
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-382 481
E-mail: feedback@baou.edu.in
Website : www.baou.edu.in

## સત્રીયકાર્ય ઓગષ્ટ – 2017

### અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ: (M.A.)

### માસ્ટર ઓફ આર્ટસ (ગુજરાતી)

MGT-01 – નવલકથાનું સ્વરૂપ

MGT-02 – ગુજરાતી પ્રતિનિધિ કવિતા

MGT-03 – ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર

MGT-04 – નિબંધ

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ**

**28/02/2018**

પ્રિય વિદ્યાર્થી મિત્ર,

**M.A.** અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા બદલ આપને અમારા વતી ખૂબ ખૂબ અભિનંદન. આપ દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ કરી રહ્યા છો જેમાં આપની ઉપર અધ્યાપકનું કોઈ અંકુશ નથી. આ પધ્ધતિમાં આપને સ્વંય અનુશાસન અપનાવવું જરૂરી છે. આપને આપના વિષયની ક્રેડીટ અનુસાર આ વિષયમાં દૈનિક 4 કલાક સમય ફાળવવો આવશ્યક છે.

સ્વાધ્યાયકાર્યનું ફોર્મેટ એ આપની સત્રાંત પરીક્ષાના ફોર્મેટ પ્રમાણે જ રાખવામાં આવેલ છે, જેથી અમારી પરીક્ષાની તૈયારી અર્થે યોગ્ય સમજ માટે સ્વાધ્યાયકાર્ય ખૂબ ઉપયોગી છે. સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આપને મળેલી અભ્યાસ-સામગ્રીમાંથી સીધા જ કોપી કરવાના નથી, આપ જે વાંચન કરો છો, જે સમજો છો, તે આપની પોતાની ભાષામાં લખવાનું રહેશે.

સ્વાધ્યાયકાર્યનું પુનઃમૂલ્યાંકન થતું નથી જો કોઈ વિષયના સ્વાધ્યાયકાર્યમાં ઓછા ગુણ હોય તા ફરીથી લખેલું સ્વાધ્યાયકાર્ય સ્વિકારવામાં આવશે નહીં. જેથી આપ પ્રથમ વખતે જ વ્યવસ્થિત જવાબો લખી જમા કરાવશો. જેથી સારામાં સારા ગુણ મેળવી શકશો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકશો.

**ખૂબ ખૂબ શુભકામનાઓ સહ,**

**સ્વાધ્યાયકાર્ય વિભાગ**

## <u>અગત્યની સૂચનાઓ</u>

- **સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાની છેલ્લી તારીખઃ 28/02/2018 છે, તો આ સમય મર્યાદામાં આપે સ્વાધ્યાયકાર્ય લખી જમા કરાવવું જરૂરી છે.**
- **સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની રસીદ લેવી ફરજીયાત છે. જેથી ભવિષ્યમાં સ્વાધ્યાયકાર્યને લગતી કોઈ પૂછપરછ કરવી હોય તેના ઉકેલમાં રસીદ રજૂ કરી શકાય.**
- **તમારા ચેક થઈ ગયેલા સ્વાધ્યાયકાર્ય તમારી સત્રાંત પરીક્ષા પહેલા જ કેન્દ્ર પર રસીદ બતાવી પરત લેવા જેથી પરીક્ષાના વાંચન અર્થે પણ તેને ઉપયોગમાં લઈ શકાય.**
- **M.A. અભ્યાસક્રમના સ્વાધ્યાયકાર્યમાં પાસ થવા માટે 12 ગુણ લાવવા જરૂરી છે, જો તેનાથી ઓછા ગુણ હોય તો તે સ્વાધ્યાયકાર્યમાં વિદ્યાર્થી નપાસ માનવામાં આવશે, અને તે સ્વાધ્યાયકાર્ય નવા સત્રનું મેળવીને ફરીથી લખવાનું રહેશે.**
- **સ્વાધ્યાયકાર્યના ગુણ વગર ફાઈનલ માર્કશીટ મેળવી શકાશે નહીં.**
- **લખેલા સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની સાથે સ્વાધ્યાયકાર્યનું પ્રશ્નપત્ર ફરજીયાત જોડવું.**
- **આ પછીનું પેજ વિદ્યાર્થીએ પ્રિન્ટ કાઢી તેમાં માંગેલ માહિતી ભરી લખેલા સ્વાધ્યાયકાર્યના પ્રથમ પેજ ઉપર લગાવવું.**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમનું નામ : MGT માસ્ટર ઓફ આર્ટસ(ગુજરાતી)

## પાઠ્યક્રમનું નામ : ____________

નોંધણીનંબર : ____________________

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

મોબાઈલ નંબર : ____________________

ઈ-મેઈલ : ____________________

અભ્યાસકેન્દ્રનું નામ : ____________

અભ્યાસકેન્દ્ર કોડ નં. : ____________

વિદ્યાર્થીની સહી :____________

તારીખ : ____________

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમ : એમ.એ. પ્રથમ વર્ષ
## પાઠ્યક્રમ : MGT-01 નવલકથાનું સ્વરૂપ
## સત્રીયકાર્ય ઓગસ્ટ 2017

કુલ ગુણ-30 ઉત્તીર્ણ થવાનું ધોરણ-12 ગુણ

---

વિભાગ-ક નીચે આપેલા પ્રશ્નોના જવાબ 800 શબ્દોમાં આપો. **(8X1=8)**

1 ગુજરાતી નવલકથા સાહિત્યની વિકાસરેખા સદૃષ્ટાંત દર્શાવો.

અથવા

1 નવલકથાની વ્યાખ્યા આપી, નવલકથાના સ્વરૂપ-લક્ષણોની વિગતે ચર્ચા કરો.

વિભાગ-ખ નીચે આપેલા પ્રશ્નોના જવાબ 400 શબ્દોમાં આપો. (કોઈ પણ બે) **(4X2=8)**

1 'પાટણની પ્રભુતા'ને ઐતિહાસિક નવલકથા તરીકે મૂલવો.

2 પ્રાદેશિક નવલકથા તરીકે 'માનવીની ભવાઈ' નવલકથા વિશે તમારા શબ્દોમાં લખો.

3 'સરસ્વતીચંદ્ર ભાગ-1' નવલકથાને આધારે ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથાકાર તરીકેની પ્રતિભાને મૂલવો.

વિભાગ-ગ નોંધ લખો. (કોઈ પણ ત્રણ) **(3X3=9)**

1 'માનવીની ભવાઈ' નવલકથાના નાયક-નાયિકા.

2 'પાટણની પ્રભુતાનો આરંભ અને અંત.

3 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં પ્રગટ થતું સમાજજીવન.

4 આધુનિક નવલકથા.

વિભાગ-ઘ ખાલી જગ્યા પૂરો. **(0.5X10=5)**

1 'ભદ્રંભદ્ર' ગુજરાતી સાહિત્યની ---------- નવલકથા છે.(કરુણ, હાસ્ય, પ્રણય)

2 'પાટણની પ્રભુતા' ----------- યુગમાં લખાયેલી નવલકથા છે.(પંડિત, ગાંધી, અનુગાંધી)

3 'આંગળિયાત' નવલકથાના લેખક --------------- છે.(મધુરાય, જોસેફ મેકવાન, રઘુવીર ચૌધરી)

4 'કુન્દનિકા કાપડિયા'ની નારીવાદી નવલકથા ------------- છે.(અખેપાતર, કંકુ, સાત પગલા આકાશમાં)

5 ‘લીલુડી ધરતી’ નવલકથાના સર્જક _______ છે.(જયંતિ દલાલ, જયંત ખત્રી, ચુનિલાલ મડિયા)

6 ‘માનવીની ભવાઈ’ _______ સમાજની વાત છે.(ગ્રામીણ, શહેરી, આધુનિક)

7 ‘ધ્રુવ ભટ્ટ’ લિખિત નવલકથા _______ છે.(આંધળી ગલી, આગંતુક, અરણ્ય)

8 ‘સરસ્વતીચંદ્ર’ નવલકથા _______ ભાગમાં લખાયેલી છે.(4, 3, 2)

9 ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ની નાયિકાનું નામ _______ છે.(રાજુલ, રોહિણી, મીનળ)

10 સુરેશ જોષી _______ યુગના સર્જક છે.(આધુનિક, અનુઆધુનિક, આધુનિકોત્તર)

---

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમ : એમ.એ. પ્રથમ વર્ષ

## પાઠ્ય ક્રમ : MGT-02 ગુજરાતી પ્રતિનિધિ કવિતા

## સત્રીયકાર્ય ઓગસ્ટ 2017

કુલ ગુણ-30 ઉત્તીર્ણ થવાનું ધોરણ-12 ગુણ

---

વિભાગ-ક નીચે આપેલા પ્રશ્નોના જવાબ 800 શબ્દોમાં આપો. **(8X1=8)**

1 આખ્યાન સ્વરૂપની ચર્ચા કરી, તેના વિકાસના તબક્કાઓ સ્પષ્ટ કરો.

અથવા

1 'સુદામાચરિત્ર' આખ્યાનનો આધાર લઇ પ્રેમાનંદની આખ્યાનકાર તરીકેની પ્રતિભાને મૂલવો.

વિભાગ-ખ નીચે આપેલા પ્રશ્નોના જવાબ 400 શબ્દોમાં આપો. (કોઈ પણ બે) **(4x2=8)**

1 'અખેગીત' કૃતિની સિદ્ધિ-મર્યાદા સવિસ્તાર સમજાવો.

2 'સપ્તપદી' કાવ્યસંગ્રહના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરી, કાવ્યસંગ્રહ વિશે વિસ્તૃત નોંધ લખો.

3 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

વિભાગ-ગ નોંધ લખો. (કોઈ પણ ત્રણ) **(3X3=9)**

1 'ધ્વનિ' કાવ્યસંગ્રહના ગીતો.

2 'છિન્ન-ભિન્ન છું' કાવ્યમાં આધુનિક ચેતના.

3 'સુદામાચરિત્ર'માં તત્કાલીન સમાજનું ચિત્રણ.

4 'સાગર અને શશી' કાવ્યનું રસદર્શન.

વિભાગ-ઘ ખાલી જગ્યા પૂરો. **(0.5X10=5)**

1 'શોધ' કાવ્યમાં _______ ઋતુનું નિરૂપણ છે.

2 ‘આયુષ્યને અવશેષે’ _______ પ્રકારનું કાવ્ય છે.

3 ‘અખો’ _______ કવિ તરીકે ઓળખાય છે.

4 કવિ કાન્તનું પૂરું નામ _______ છે.

5 આખ્યાનની શરૂઆત _______ થાય.

6 ‘ઉપહાર’ કાવ્ય _______ છંદમાં રચાયું છે.

7 સુદામા અને શ્રીકૃષ્ણના ગુરુ _______ હતા.

8 ‘મૃત્યુક્ષણ’ _______ કાવ્યસંગ્રહની રચના છે.

9 ‘ધ્વનિ’ કાવ્યસંગ્રહના સર્જન _______ છે.

10 _______ કાવ્યમાં દિનરાતનું ઈહજીવન સતત પુનરાવર્તન પામતું રહે છે.

---

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમ : એમ.એ. પ્રથમ વર્ષ
## પાઠ્ય ક્રમ : MGT-03 ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર
## સત્રીયકાર્ય ઓગસ્ટ 2017

કુલ ગુણ-30 | ઉત્તીર્ણ થવાનું ધોરણ-12 ગુણ

---

વિભાગ - ક : નીચે આપેલા પ્રશ્નનો જવાબ 800 શબ્દમાં આપો. **(8X1=8)**

(1) ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસની સવિગત રૂપરેખા આપો.

વિભાગ – ખ : નીચે આપેલા બન્ને પ્રશ્નોના જવાબ 400 શબ્દમાં આપો. **(4X2=8)**

(1) ભાષા સામાજિક પ્રવૃત્તિ છે – સમજાવો.

(2) ભાષા : એક વ્યવસ્થા.

વિભાગ – ગ : નીચેની ત્રણ ટૂંકનોંધ લખો. **(3X3=9)**

(1) સર્વનામ

(2) સહાયકારી ધાતુઓ

(3) ભાષાનાં લક્ષણો

વિભાગ – ઘ : માંગ્યા પ્રમાણે લખો. **(0.5X10=5)**

(1) ભાષા માનવમનની નિપજ છે – વિધાન ખરું કે ખોટું ?

(2) ભાષા – એક આધ્યાત્મિક પ્રવૃત્તિ છે – વિધાન ખરું કે ખોટું ?

(3) ધ્વનિસંકેતો અને અર્થ વચ્ચેનો સંબંધ __________ હોય છે. (યાદૃચ્છિક / ગોઠવેલો)

(4) પ, ફ, બ, ભ __________ ધ્વનિઓ છે. (દંત્ય / ઓષ્ઠ્ય)

(5) ચ,જ,છ અને ઝ__________ ધ્વનિઓ છે. (દંત્ય, તાલવ્ય)

(6) સંજ્ઞા સાથે આવતો પ્રત્યય સિવાયનો ઘટક એટલે __________અવ્યય. (કર્મયોગી / નામયોગી)

(7) જે વિશેષણ પદાર્થના ખ્યાલમાં સંખ્યાના અર્થનો ઉમેરો કરે તેને __________ વિશેષણ કહેવાય છે. (અર્થવાચક / સંજ્ઞાવાચક)

(8) સંજ્ઞાને સ્થાને જે પ્રયોજાય તે __________ (સર્વનામ / પ્રત્યય)

(9) બે પરિસ્થિતિને જોડતા વાક્યઘટકોને સંયોજકો કહેવાય છે.
– વિધાન ખરું કે ખોટું ?

(10) ફટાફટ, __________ પ્રકારનો શબ્દ છે. (રવાનુકારી / દ્વિરુક્ત)

---

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# અમદાવાદ

## અભ્યાસક્રમ : એમ.એ. પ્રથમ વર્ષ
## પાઠ્યક્રમ : MGT-04 નિબંધ
## સત્રીયકાર્ય ઓગસ્ટ 2017

કુલ ગુણ-30 ઉત્તીર્ણ થવાનું ધોરણ-12 ગુણ

---

વિભાગ - ક : નીચે આપેલા પ્રશ્નનો જવાબ 800 શબ્દમાં આપો. **(8X1=8)**

**(1)** – 'આદર્શ વિદ્યાર્થી' એ વિષય પર નિબંધ લખો.

વિભાગ - ખ : નીચેના બન્ને વિચારવિસ્તાર 400 શબ્દમાં આપો. **(4X2=8)**

(1) જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

(2) ફૂલને મારગ સૌ કોઈ ચાલે, કંટક મારગ કોઈ.

વિભાગ - ગ : ત્રણ ટૂંકનોંધ લખો (300 શબ્દોમાં). **(3X3=9)**

(1) માહિતીપ્રધાન સમાજ

(2) સ્વાતંત્ર્યમૂલક વિચારસરણી

(3) માધ્યમની માઠી અસરો

વિભાગ - ઘ : નીચે આપેલાં વાક્યોની ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકો.

**(0.5X10=5)**

(1) લજ્જાને કારણે શકુંતલા_________ આંખે જોતી હતી. (ત્રાસી, ત્રાંસી)

(2) એની_________ સફળતાની ખાતરી હોવાથી પરીક્ષા આપ્યા પછી તે_________ થઈને ઊંઘ્યો. (નિશ્ચિંત, નિશ્ચિત)

(3) કોલંબસે એક અગત્યના_________ ની શોધ કરી હતી. (ખડ, ખંડ)

(4) એક તો તે નશામાં હતો અને વળી પાછો_________ માંગતો હતો. (ભાગ, ભાંગ)

(5) ઈન્દ્રનો_________ જોઈને એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

(પ્રસાદ, પ્રાસાદ)

(6) એ ગીત સારું ગાય છે પણ _________ માં એને રસ નથી. (વાદ, વાદ્ય)

(7) મેશ આંખમાં _________ તો બળે છે. (આજે, આંજે)

(8) એ_________ તો બસ જોયા જ કરીએ જાણે ! (આંખો, આખો)

(9) એ _________ની શોભાનું વર્ણન કરો. (તરંગ, તુરંગ)

(10) કીર્તિદેવે કહ્યું, ઉત્તરમાંથી_________ ઝડપભેર આવે છે. (પવનો, યવનો)